
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

**WEEK 06** (06/02/22 to 12/02/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



સંગીતની દુનિયાને નવી ઊંચાઈ આપનાર
તથા સંગીતના છોડને પોતાના સૂરોથી સીંચીને
વટવૃક્ષ બનાવનારા સ્વર સામગ્રી તથા
ભારત રત્નથી સન્માનિત.... એવા ભારતના
શ્રેષ્ઠ ગાયક સુશ્રી લતા મંગેશકરજીને
ICE તરફથી ભાવ ભીની શ્રદ્ધાંજલી....


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**06 FEB-2022**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંત રામાનુજાચાર્યના સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટીનું લોકાર્પણ કર્યું ..... 02
- મિશન ચંદ્રયાન-3 ..... 03
- ભારતીય ક્રિકેટ ટીમની ઐતિહાસિક સિદ્ધિ : 1000 વન-ડે મેચ પૂર્ણ ..... 06
- QUESTION ANSWERS ..... 07

**07 FEB-2022**

- સંગીતની દુનિયાનો એક યુગ સમાપ્ત : સ્વર કોકિલા સુશ્રી લતા મંગેશ્કરનું નિધન ..... 08
- ગિરનાર તપોભૂમિના સંત કાશ્મીરી બાપુ બ્રહ્મલીન ..... 13
- અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2022માં ભારતનો વિજય ..... 14
- QUESTION ANSWERS ..... 15

**08 FEB-2022**

- 'પરમ પ્રવેગ' સુપર કમ્પ્યૂટર (Param Praveg Super Computer) ..... 16
- જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રથમ મહિલા વાઈસ ચાન્સલેર : શાંતિશ્રી ધુલીપુડી પંડિત ..... 17
- ગુજરાતની નવી IT અને ITeS પોલિસી ..... 17
- QUESTION ANSWERS ..... 19

**09 FEB-2022**

- BDLભારતીય સેનાને કોંકર્સ- એમ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ સપ્લાય કરશે ..... 20
- IPC કલમ 498-A ..... 20
- અરવલ્લી જૈવા વિવિધતા પાર્ક (Aravalli Biodiversity Park)ને ભારતની પ્રથમ OECM સાઈટ તરીકે જાહેર કરવામાં આવી ..... 21
- QUESTION ANSWERS ..... 23

**10 FEB-2022**

- દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ દાળ દિવસ (World Pulses Day) ..... 24
- સમૃધ્ધ પહેલ (SAMRIDH Initiative) ..... 24
- શ્રી એમ. જગદીશ કુમારની UGCના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક ..... 25
- QUESTION ANSWERS ..... 26

**11 FEB-2022**

- દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરાઓના યોગદાન અંગેનો દિવસ, વિશ્વ યુનાની દિવસ ..... 27
- અટલ ટનલ (Atal Tunnel) ..... 28
- ભૂ- ચૂંબકીય તોફાન (Geomagnetic Strom) ..... 29
- ઓપરેશન આહટ (Operation AAHT) ..... 31
- QUESTION ANSWERS ..... 33

**12 FEB-2022**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'One Ocean Summit'ને સંબોધિત કર્યું ..... 34
- RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI- Monetary Policy Report- MPR) ..... 35
- QUESTION ANSWERS ..... 36

**ONE LINER** ..... 37

**QUESTION OF THIS WEEK** ..... 41


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંત શ્રી રામાનુજાચાર્યના સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટીનું લોકાર્પણ કર્યું

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વસંતપંચમીના પાવન પર્વ પ્રસંગે 11મી સદીના સંત અને સમાજ સુધારક સંત શ્રી રામાનુજાચાર્યની 216 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

- હૈદરાબાદના મુચિંતલ ગામમાં બનેલી આ પ્રતિમાને 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી' **(Statue of Equality)** નામ આપવામાં આવ્યું છે.
- આ પ્રતિમાનું અનાવરણ તેમની **1000**મી જન્મજયંતિની **12** દિવસની લાંબી ઉજવણીનો એક ભાગ છે.
- 'વસુધૈવ કુટુંબકમ' (વિશ્વ એક પરિવાર છે)ના તેમના વિચારને ધ્યાનમાં રાખીને ભારત તેમની **1000**મી જન્મજયંતિને 'સમાનતાના તહેવાર' તરીકે ઉજવી રહ્યું છે.

**નોંધ :** મુચિંતલ એ શમશાબાદ મંડળ હેઠળ આવે છે. હૈદરાબાદનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ અહીં આવેલું છે.

### સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી



સંત રામાનુજાચાર્યની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી' વિશ્વની બીજી સૌથી ઊંચી બેઠક પ્રતિમા છે.

- સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટીનો અર્થ થાય છે 'સમાનતાની પ્રતિમા'.
- આ પ્રતિમા તેલંગાણા રાજ્યના હૈદરાબાદના મુચિંતલ ખાતે આવેલી છે.
- આ પ્રતિમાની ઊંચાઈ **216** ફૂટ (અથવા તો **65.8** મીટર) છે.
- **216** ફૂટની આ ઊંચી પ્રતિમા 'પંચલોહ' એટલે કે પાંચ ધાતુઓ સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ અને જસતના મિશ્રણથી બનેલી છે.
- આ પ્રતિમા 'ભદ્ર વેદી' નામની **54** ફૂટ ઊંચી ઈમારત પર સ્થાપિત છે.
- તેમાં વૈદિક ડિજિટલ લાઈબ્રેરી અને સંશોધન કેન્દ્ર, પ્રાચીન ભારતીય ગ્રંથો, થિયેટર અને શ્રી રામાનુજાચાર્યના અનેક કાર્યોની વિગતો આપતી શૈક્ષણિક ગેલેરીનો સમાવેશ થાય છે.
- આ પ્રતિમા રૂ. **1000** કરોડના અંદાજિત ખર્ચ સાથે બનાવવામાં આવી હતી.
- આ પ્રતિમાની કલ્પના રામાનુજાચાર્ય આશ્રમના શ્રી ચિન્ના જીયર સ્વામીએ કરી છે.
- પ્રતિમાનો શિલાયન્સ પણ શ્રી ચિન્ના જીયરે સ્વામીએ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી રામાનુજાચાર્ય

શ્રી રામાનુજાચાર્યનો જન્મ ઈ.સ. 1017માં તમિલનાડુના શ્રી પેરુમ્બુદુર ખાતે થયો હતો.

- તેઓ એક સંત અને સમાજ સુધારક હતા.
- તેમના જન્મ સમયે તેમનુ નામ લક્ષ્મણ હતું.
- તેઓ ઈલ્યા પેરૂમલ તરીકે પણ જાણીતા હતા, જેનો અર્થ થાય છે તેજસ્વી.
- તેમણે સમાનતા અને સામાજિક ન્યાયની હિમાયત કરતા સમગ્ર ભારતમાં પ્રવાસ કર્યો હતો.
- તેમણે વેદ અને વેદાન્તોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.
- તેમણે વિશિષ્ટાદ્વેતનો સિદ્ધાંત આપ્યો હતો.
- તેમના કહેવા મુજબ જીવાત્મા અને બ્રહ્મ એક નથી.
- જીવાત્મા બ્રહ્મનું શરીર છે તથા બ્રહ્મ તેમનો આત્મા છે.
- તેમણે નવ શાસ્ત્રોની રચના કરી જે નવરત્ન તરીકે ઓળખાય છે. અને વૈદિક શાસ્ત્રો પર અનેક ભાષ્યોની રચના કરી છે.
- શ્રી રામાનુજાચાર્યએ વિશિષ્ટાદ્વેતના સિદ્ધાંત પર એક ભાષ્ય લખ્યું હતું. જે 'શ્રી ભાષ્ય' તરીકે ઓળખાય છે.
- તેમણે વેદાંત સારમ્, વેદાંત સંગ્રહમ્, વેદાન્ત દીપક તથા ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખ્યા હતા.
- તેમના ભક્તિમાર્ગથી પ્રભાવિત થઈને તિરૂચિરાપલ્લીથી જૈન ધર્મી રાજાએ વૈષ્ણવ ધર્મ અપનાવ્યો હતો.
- શ્રી રામાનુજાચાર્યને દક્ષિણ ભારતમાં 'વિષ્ણુ અવતાર' માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મિશન ચંદ્રયાન-3

તાજેતરમાં અવકાશ વિભાગે જણાવ્યું હતું કે ભારત ઓગસ્ટ, 2022માં ચંદ્રયાન-3 મિશન લોન્ચ કરવાની યોજના ધરાવે છે.



### મિશન ચંદ્રયાન-3

મિશન ચંદ્રયાન-3 એ જુલાઈ 2019ના ચંદ્રયાન-2 મિશનનું અનુવર્તી અથવા અનુગામી મિશન છે. જેનો ઉદ્દેશ્ય ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર રોવરને લેન્ડ કરવાનો હતો.

- વિક્રમ લેન્ડરની નિષ્ફળતા બાદ લેન્ડિંગ ક્ષમતાઓ દર્શાવવા માટે બીજા મિશનની શોધ કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી.
- ચંદ્રયાન-3 એ ચંદ્રયાન-2નું મિશન રિપીટ હશે પરંતુ તેમાં માત્ર ચંદ્રયાન-2 જેવું જ લેન્ડર અને રોવર સામેલ હશે.
- તેમાં ઓર્બિટર અને લેન્ડિંગ મોડ્યુલ હશે. જોકે આ ઓર્બિટર ચંદ્રયાન-2 જેવા વૈજ્ઞાનિક સાધનોથી સજ્જ નહીં હોય.

## ચંદ્રયાન-2 મિશન વિશે

22 જુલાઈ, 2019ના રોજ ISRO એ મિશન ચંદ્રયાન-2 લોન્ચ કર્યુ હતું.

- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- GSLV MK III-MK1 નામના ભારતના સૌથી કદાવર અને આધુનિક રોકેટ દ્વારા ચંદ્રયાન-2 લોન્ચ કરવામાં આવ્યું હતું.
- 7 સપ્ટેમ્બર, 2019ની મધરાત બાદ લગભગ 1 વાગ્યેને 52 મિનિટે ભારતના ચંદ્રયાન-2નું લેન્ડર વિક્રમ જ્યારે ચંદ્રની ધરતીથી 2.1 કિ.મી. દૂર હતું ત્યારે જ તેની સાથે સંપર્ક કપાઈ ગયો હતો.
- આથી, ચંદ્રયાન-2 ઈતિહાસ સર્જી શક્યું ન હતું.
- ભારતનું મિશન ચંદ્રયાન-2 ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું :

  (1) Orbiter, (2) Lander (વિક્રમ) અને (3) Rover (પ્રજ્ઞાન)

**(1) Orbiter :**

ચંદ્રયાન-2ના ઓર્બિટરને ચંદ્રની સપાટીથી 100 કિ.મી. દૂરની કક્ષામાં સ્થાપિત કરવું.

**(2) Lander :**

ચંદ્રયાન-2ના લેન્ડર 'વિક્રમ'નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવવું અને

**(3) Rover :**

ચંદ્રયાન-2ના રોવર 'પ્રજ્ઞાન' દ્વારા ચંદ્રની ધરતી પરથી માટી અને ખડકોના નમૂના એકત્ર કરવા અને તેનો ડેટા પૃથ્વી સુધી પહોંચાડવો.

- ઉપરોક્ત ત્રણમાંથી ચંદ્રયાન-2નું ઓર્બિટર ચંદ્રની કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપ્તિ થઈ ગયું હતું.
- જ્યારે ચંદ્રયાન-2ના બાકીના બે ઉદ્દેશો પૂરા થાય એ પહેલા જ તેના લેન્ડર 'વિક્રમ' સાથેનો ઈસરોનો સંપર્ક કપાઈ ગયો હતો.
- ચંદ્રયાન મિશન-2 લગભગ 95 ટકા સફળ રહ્યું હતું.
- જોકે ચંદ્રયાન-2નું ઓર્બિટર સુરક્ષિત છે. જે ચંદ્રની પ્રદક્ષિણા કરી રહ્યું છે ..... અને ચંદ્ર વિશે માહિતી આપતું રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




## GSLV MK III

GSLV MK III એ ત્રણ ચરણનું ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલું રોકેટ છે.

- આ ત્રણ ચરણના રોકેટમાં પહેલા ચરણમાં બે નક્કર ઈંધણવાળા ચેમ્બર છે.
- બીજા ચરણમાં આ રોકેટમાં તરલ ઈંધણવાળુ પ્રણોદક છે.
- અને ત્રીજા ચરણમાં ક્રાયોજેનિક એન્જિન લગાવેલું છે.
- આ રોકેટ 4 ટન અથવા તો 4000 કિલોગ્રામ વજન સુધીના ઉપગ્રહોને ઉચ્ચ કક્ષામાં તરતા મૂકી શકે છે.
- જ્યારે આ રોકેટ દ્વારા 10 ટન અથવા તો 10,000 કિલોગ્રામ સુધીના ઉપગ્રહોને નીચલી કક્ષામાં સ્થાપિત કરી શકાય છે.
- GSLVનું પૂરું નામ 'Geosynchronous Satellite Launch Vehicle' છે.


## ચંદ્રયાન-1

ચંદ્રયાન-1 એ ભારત દ્વારા ચંદ્ર પર લોન્ચ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રયાન હતું.

- 22 ઓક્ટોબર, 2008ના રોજ તેનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું અને 28 ઓગસ્ટ, 2009 સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી PSLV-XL C11 નામના રોકેટ દ્વારા ચંદ્રયાન-1 લોન્ચ કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) ચંદ્રયાન-2નું કુલ વજન : 3850 KGથી વધુ હતું.

(2) ચંદ્રયાન-2ના લેન્ડર વિક્રમનું અંદાજિત વજન 1471 કિલોગ્રામ જેટલું હતું.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતીય મેન્સ ક્રિકેટ ટીમની ઐતિહાસિક સિદ્ધિ : 1000 વન-ડે મેચ પૂર્ણ

તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમે 1000મી વન–ડે મેચ રમી ઈતિહાસ રચ્યો છે.

- આ સાથે 1000 વન–ડે મેચ રમનાર ભારત વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે.
- ભારતની આ 1000મી વન–ડે મેચ અમદાવાદના નરેન્દ્રમોદી સ્ટેડિયમ ખાતે વેસ્ટઈન્ડિઝ સામે યોજાઈ હતી.
- 6 ફેબ્રુઆરી, 2022ના રોજ રમાયેલી 1000મી વન–ડે મેચમાં ભારતે વેસ્ટઈન્ડિઝને 6 વિકેટે પરાજય આપ્યો હતો.

**નોંધ :** (1) ભારતીય મેન્સ ક્રિકેટ ટીમના વર્તમાન વન–ડે અને T-20 ફોર્મેટના કેપ્ટન શ્રી રોહિત શર્મા છે.

(2) ભારતીય મેન્સ ક્રિકેટ ટીમના વર્તમાન મુખ્ય કોચ શ્રી રાહુલ દ્રવીડ છે.

(3) ભારત પછી સૌથી વધુ વન–ડે મેચ રમવાની યાદીમાં ઓસ્ટ્રેલિયા બીજા ક્રમે છે. ત્યારબાદ ત્રીજા નંબરે પાકિસ્તાનની ક્રિકેટ ટીમે સૌથી વધુ વન–ડે મેચ રમી છે.



1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં વસંતપંચમીના પાવન પર્વ પ્રસંગે હૈદરાબાદના મુચિંતલ ખાતે સંત શ્રી રામાનુજાચાર્યની પ્રતિમાનું અનાવરણ કર્યુ છે. આ પ્રતિમાને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) Statue of Unity (B) Statue of Equality

(C) Statue of Belief (D) Statue of Haidrabad **(B)**

2. સંત શ્રી રામાનુજાચાર્યની પ્રતિમા 'Statue of Equality'ની ઊંચાઈ કેટલી છે ?

(A) 216 ફૂટ (B) 241 ફૂટ (C) 261 ફૂટ (D) 292 ફૂટ **(A)**

3. ભારતના સમાજ સુધારક અને સંત શ્રી રામાનુજાચાર્ય સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેમનો જન્મ ઈ.સ. 1017માં તમિલનાડુના પેરુમ્બુદુર ખાતે થયો હતો.

(B) તેમણે વિશિષ્ટાદ્વેતનો સિદ્ધાંત આપ્યો હતો.

(C) તેમના કહેવા મુજબ જીવાત્મા અને બ્રહ્મ એક નથી.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં અવકાશ વિભાગે જણાવ્યું હતું કે ભારત ઓગસ્ટ, 2022માં............. મિશન લોન્ચ કરવાની યોજના ધરાવે છે.

(A) ચંદ્રયાન-2 (B) ચંદ્રયાન-3 (C) ચંદ્રયાન-4 (D) ચંદ્રયાન-5 **(B)**

5. તાજેતરમાં કયા દેશની ક્રિકેટ ટીમ 1000મી વન–ડે મેચ રમનાર વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ઈંગ્લેન્ડ (C) પાકિસ્તાન (D) ભારત **(D)**

6. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટઈન્ડિઝ સામે પોતાની 1000મી વન–ડે મેચ રમી ઈતિહાસ રચ્યો છે. આ 1000મી વન–ડે મેચ કયા સ્ટેડિયમમાં યોજાઈ હતી ?

(A) ઈડન ગાર્ડન, કોલકાતા (B) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ

(C) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ (D) અરૂણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી **(B)**


# સંગીતની દુનિયાનો એક યુગ સમાપ્ત : સ્વર કોકિલા સુશ્રી લતા મંગેશકરનું નિધન



''એ મેરે વતન કે લોગો, તુમ ખૂબ લગા લો નારા
યે શુભ દિન હૈ હમ સબકા, લહરા લો તિરંગા પ્યારા
પર મત ભૂલો સીમા પર, વીરોને હૈ પ્રણા ગઁવાએ
કુછ યાદ ઉન્હે ભી કરલો..........................''

''નામ ગુમ જાયેગા, ચહેરા યે બદલ જાયેગા,
મેરી આવાઝ હી પહેચાન હૈ, ગર યાદ રહે....''

''ઘણા વર્ષો સુધી ભારતના ઘર ઘરમાં
સંગીતની મીઠાશ ભેળવનાર....
સુશ્રી લતા મંગેશકર અનંત યાત્રાએ ચાલ્યા ગયા....
ગીત અને સંગીતની દુનિયાને તેમણે એક નવી ઊંચાઇ આપી.....
કુદરતને જયારે અવાજને સુંદરતા આપવાની ઇચ્છા થઇ હશે
ત્યારે તેમણે તમને ઘડ્યા હશે.....''
તમારા સુરનો હિમાલય હંમેશને માટે
વાદળોનું સ્વરૂપ લઇને વરસતો રહેશે....
તમારો સૂર અનંત છે.... દેશમાં પણ....દુનિયામાં
પણ.... અને અનંત જ રહેશે.



## સંગીતની દુનિયાનો એક યુગ સમાપ્ત : સ્વર કોકિલા સુશ્રી લતા મંગેશ્કરનું નિધન

ભારત રત્નથી સન્માનિત સ્વરસામગ્રી સુશ્રી લતા મંગેશ્કરનું 6 ફેબ્રુઆરી, 2022ના 92 વર્ષની વયે નિધન થયું છે.


- સૂરજના સોનેરી કિરણો આભા પ્રગટાવે તે સમયે જ ભારતમાં સૂર અને સંગીતની સંગતનો યુગ સર્જનાર કોકિલ કંઠી વિશ્વ પ્રસિદ્ધ પાર્શ્વગાયિકા સુશ્રી લતાજીના સંગીતમય સૂરના એક યુગનો અસ્ત થયો હતો.
- સુશ્રી લતા મંગેશ્કરને કોરોના અને ન્યૂમોનિયાની અસર થતા તેમને ICUમાં રખાયા હતા.
- તેઓ એક સુપ્રસિદ્ધ પ્લેબેક ગાયક, સંગીત નિર્માતા અને સંગીત દિર્ગશક હતા. તેમણે હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓમાં સંગીત આપ્યું હતું.
- આઠ દસકા સુધી દેશની પાંચ પેઢીમાં સૂરોની મીઠાશ ભેળવનાર અને કારકિર્દીમાં ભારતીય સંગીત ઉદ્યોગોમાં તેમના યોગદાનને કારણે તેમને નાઈટિંગલ ઓફ ઈન્ડિયા, વોઈસ ઓફ ધ મિલેનિયમ અને સ્વર સામગ્રી જેવા સન્માન જનક બિરૂદ મળ્યા હતા.
- તેમણે મુખ્યત્વે હિન્દી, બંગાળી અને મરાઠી સહિતની છત્રીસથી વધુ ભારતીય ભાષાઓ અને કેટલીક વિદેશી ભાષાઓમાં ગીતો રેકોર્ડ કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સુશ્રી લતા મંગેશ્કરજી

| | | |
|---|---|---|
| જન્મ | : | 28 સપ્ટેમ્બર, 1929 ઈન્દોર, મધ્યપ્રદેશ |
| નિધન | : | 6 ફેબ્રુઆરી, 2022 (92 વર્ષની વયે, મુંબઈ, મહારાષ્ટ્ર) |
| પિતા | : | શ્રી દિનાનાથ મંગેશ્કર |
| માતા | : | શ્રીમતી શેવંત મંગેશ્કર |
| જન્મ સમયે નામ | : | હેમા મંગેશ્કર |
| ઉપનામ | : | સ્વર સામગ્રી<br>નાઈટિંગલ ઓફ ઈન્ડિયા<br>વોઈસ ઓફ ધ મિલેનિયમ<br>વોઈસ ઓફ ધ નેશન |
| વ્યવસાય | : | પ્લેબેક સિંગર, સંગીત રચયિતા અને નિર્દેશન |





પુરસ્કારો/સન્માન : 1969 – પદ્મ ભૂષણ

1974 – વિશ્વમાં સૌથી વધુ ગીતો માટે ગિનિસ બુક રેકોર્ડ

1989 – દાદા સાહેબ ફાળકે એવોર્ડ

1993 – ફિલ્મ ફેર ખાતે લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ

1996 – સ્ક્રીન લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ

1997 – રાજીવગાંધી એવોર્ડ

1999 – પદ્મ વિભૂષણ

1999 – ઝી સિને દ્વારા લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ

2000 – IIFAનું લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ

2001 – ભારત રત્ન

2001 – નૂરજહાં એવોર્ડ

2001 – મહારાષ્ટ્ર ભૂષણ

2006 – લીજન ઓફ ઓનર



## પ્રારંભિક જીવન

સુશ્રી લતા મંગેશકરનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

- લતાજીનું બાળપણનું નામ હેમા હતું.
- પાછળથી તેમના માતાપિતાએ તેમનું નામ બદલીને ભાવબંધન નામના એક નાટકના સ્ત્રી પાત્ર લતિકાના નામ પરથી તેમનું નામ લતા રાખ્યું હતું.
- તેઓ પરિવારમાં સૌથી મોટું સંતાન હતા.
- સુશ્રી મીના મંગેશકર, સુશ્રી આશા ભોંસલે, સુશ્રી ઉષા મંગેશકર અને શ્રી હૃદયનાથ મંગેશકર તેમના ભાઈ બહેન છે. બધા કુશળ ગાયકો અને સંગીતકારો છે.
- પાંચ વર્ષની વયે તેમણે પોતાના પિતાના સંગીતમય નાટકમાં અભિનેત્રી તરીકે કામ કરવાનું શરૂ કર્યુ હતું.

## સંગીત કારકિર્દી

વર્ષ 1942માં જ્યારે લતાજી 13 વર્ષના હતા ત્યારે તેમના પિતાનું હૃદયરોગના કારણે અવસાન થયું હતું.

- નવયુગ ચિત્રપટ મૂવી કંપનીના માલિક અને મંગેશકરના પરિવારના નજીકના મિત્ર માસ્ટર વિનાયકે તેમની સંભાળ લીધી હતી.
- તેમણે લતાજીને ગાયક અને અભિનેત્રી તરીકેની કારકિર્દીની શરૂઆત કરવામાં મદદ કરી હતી.
- તેમણે 'નાચુ યા ગાડે, ખેલુ સારી મણિ હૌસ ભારી' ગીત ગાયુ હતું, જેને શ્રી વસંત જોગલેકરની મરાઠી ફિલ્મ કિટી હાસલ (1942) માટે કમ્પોઝ કર્યુ હતું. પરંતુ આ ગીતને અંતિમ કટમાંથી પડતુ મુકવામાં આવ્યું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શ્રી વિનાયકે તેમને મરાઠી ફિલ્મ પહીલી મંગલા–ગૌરમાં એક નાનકડી ભૂમિકા આપી હતી, જેમાં તેમણે 'નતાલી ચૈત્રચી નવલાઈ' ગીત ગાયું હતું.
- 1945માં જ્યારે માસ્ટર વિનાયક કંપનીએ તેનું મુખ્યમથક મુંબઈ ખસેડયુ ત્યારે તેઓ પણ મુંબઈ આવી ગયા હતા.
- તેમણે ભીંડી બજાર ઘરાનાના ઉસ્તાદ અમન અલી ખાન પાસેથી હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના પાઠ લેવાનું શરૂ કર્યું હતું.
- ત્યારબાદ તેમણે શ્રી વસંત જોગલેકરની હિન્દી ભાષાની ફિલ્મ આપ કી સેવા મેં (1946) માટે 'પા લાગૂન કર જોરી' ગીત ગાયુ હતું.
- સુશ્રી લતા મંગેશ્કરે જુદી જુદી ભાષામાં **3000**થી પણ વધુ ગીતો ગાયા છે.
- લતાજી વધુમાં વધુ ગીતો રેકોર્ડ કરવાનું ગૌરવ પણ ધરાવે છે.

## એ મેરે વતન કે લોગો...

**1962**ના ભારત–ચીન યુદ્ધ બાદ શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કાર્યક્રમમાં તત્કાલીન વડાપ્રધાન શ્રી પંડિત જવાહરલાલ નેહરૂ પણ હાજર હતા.
- આ કાર્યક્રમમાં લતાજીએ ગાયેલું ગીત "એ મેરે વતન કે લોગો....." સાંભળીને બધા અભિભૂત થઈ ગયા હતા.
- એવું કહેવાય છે કે આ ગીત સાંભળીને વડાપ્રધાન શ્રીના આંખમાંથી પણ આંસુ આવી ગયા હતા.

નોંધ : એ મેરે વતન કે લોગો........શ્રી રામચંદ્ર દ્વારા રચિત અને કવિ પ્રદિપે લખ્યું છે.

## ગુજરાતી ગીતો


સુશ્રી લતા મંગેશ્કરે કેટલાક ગુજરાતી ગીતો પણ ગાયા હતા. જે આ મુજબ છે :

- મહેંદી તે વાવી માળવે...ગરબો
- મહેંદી રંગ લાગ્યો
- પાંદડુ લીલુને રંગ રાતો
- દીકરી તો પારકી થાપણ કહેવાય
- વૈષ્ણવ જન તો...
- માને તો મનાવી લેજો રે...
- હંસલા હાલોને હવે મોતીડા નહિ રે જડે....



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી લતા મંગેશ્કર વિશે રસપ્રદ તથ્યો



સુશ્રી લતા મંગેશ્કરના પ્રિય ખેલાડી શ્રી સચિન તેંડુલકર હતા.

- ફ્રાન્સે વર્ષ **2007**માં તેમને તેનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓફિસર ઓફ ધ નેશનલ ઓર્ડર ઓફ ધ લીજન ઓફ ઓનર' એનાયત કર્યો હતો.
- એવું કહેવાય છે કે ઓલ ઈન્ડિયા રેડિયોને એક પત્ર મળ્યો હતો આ પત્રમાં લતા મંગેશ્કર વિશે કહેવાયું હતું કે, 'હિન્દુસ્તાન કાશ્મીર રાખી લે, પરંતુ લતા મંગેશ્કર પાકિસ્તાનને આપી દે.'
- તેમણે નરગિસ અને મધુબાલાના મોટાભાગના ગીતોને કંઠ આપ્યો હતો.
- લતાજીએ શ્રી મહોમ્મદ રફી સાથે સૌથી વધારે લગભગ **450** જેટલા ગીતો ગાયા હતા.
- આ ઉપરાંત કિશોર કુમાર સાથે પણ ઘણા બધા ગીતો ગાયા હતા.
- ભારતે **1983**નો વર્લ્ડ કપ જીત્યો તો ઈનામની રકમ માટે શ્રી લતા મંગેશ્કરે મદદ કરી હતી.
- તેમનું છેલ્લું રેકોર્ડ કરેલ ગીત 'સૌગંધ મુઝે ઈસ મિટ્ટી કી' હતું. જે **30 માર્ચ, 2019**ના રોજ ભારતીય સેના અને રાષ્ટ્રને શ્રદ્ધાંજલી તરીકે રજૂ કરવામાં આવ્યું હતું.
- વિશ્વમાં સૌથી વધુ ગીતો ગાવા બદલ વર્ષ **1974**માં ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેમની ઓળખ થઈ હતી.
- વર્ષ **1985**માં કેનેડાના ટોરોન્ટોમાં તેમના આગમનને માન આપવા માટે **9 જૂન** ને એશિયા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- તેઓ સુશ્રી એમ. એસ. સુબ્બુલક્ષ્મી પછી ભારત રત્ન મેળવનાર બીજા મહિલા ગાયિકા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### 'સ્વર-શેષ લતા'

*"जब कोइ आधार नहीं होता, तब उसका आधार होता हे ।*

*जब कोइ प्रतीक्षा नहीं होती, तब उसकी प्रतीक्षा होती हे ।*


*जब कोइ प्रेरणा नहीं होती, तब उसकी प्रेरणा होती हे ।*

*जब कोइ कर्तव्य नही होता, तब उसका कर्तव्य होता हे ।*

*जब कुछ भी नहीं होता, तब सब कुछ उसका होता हे ।"*

(શ્રી અમિતાભ બચ્ચને સુશ્રી મીના મંગેશ્કર ખંડીકરના પુસ્તક 'દીદી ઔર મૈં'ની પ્રસ્તાવનામાં લખેલી કવિતા)

# ગિરનાર તપોભૂમિના સંત કાશ્મીરી બાપુ બ્રહ્મલીન



ગિરનારના જંગલમાં આવેલી દાતારેશ્વર મહાદેવની જગ્યામાં બિરાજતા અને કાશ્મીરી બાપુ તરીકે ઓળખાતા સંત ઓમકારપુરજીનું તાજેતરમાં નિધન થયું છે.

- શ્રી કાશ્મીરી બાપુને ઘણા સમયથી ફેફસામાં ઈન્ફેક્શનની તકલીફ હતી.

## સંત શ્રી કાશ્મીરી બાપુ

મૂળ કાશ્મીર તરફથી વર્ષો પહેલા ગિરનાર આવી પહોંચેલા શ્રી કાશ્મીરી બાપુનું મૂળનામ ઓમકારગીરી ગુરૂ નિરંજનદેવ હતું.

- તેઓ વનખંડી સાધુ હતા એટલે કે સતત વનમાં પરિભ્રમણ કરીને જપ–તપ કરતા રહેતા હતા.
- જ્યારથી તેઓ ઉપલા દાતારની જગ્યાના બ્રહ્મલીન પટેલ બાપુના સંપર્કમાં આવ્યા ત્યારથી તેમનું જીવન બદલાઈ ગયું હતું.
- પુજ્ય પટેલ બાપુએ કાશ્મીરી બાપુને પરિભ્રમણ કરવાના બદલે એક જ સ્થળે જપ–તપ કરવાનું જણાવ્યું હતું.
- ત્યારથી તેઓ ગિરનાર તળેટી જંગલમાં આવેલ રેવન્યુમાં ફાળવેલ આમકુ બીટ જગ્યામાં સ્થાયી થયા હતા.
- બાપુએ અહીં વન્ય પ્રાણીઓ વચ્ચે વર્ષોથી જપ–તપ કર્યુ હતું.
- ત્યારબાદ દત્ત અને દાતાર સાથેના તેમના લગાવને લઈને અહીં દાતારેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરી હતી.


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઈતિહાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

# અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2022માં ભારતનો વિજય



તાજેતરમાં 14 જાન્યુઆરીથી 5 ફેબ્રુઆરી, 2022 દરમિયાન વેસ્ટ ઈન્ડિઝમાં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2022નું આયોજન થયું હતું.

- વર્ષ 2022માં યોજાયેલો આ 14મો અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલો આ બીજો અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને પરાજ્ય આપીને ભારતે આ વર્લ્ડ કપ પાંચમી વખત જીતી લીધો છે.

## ફાઈનલ મેચ

કેરેબિયન ટાપુઓના એન્ટિગુઆ ખાતે આવેલ સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં આ ફાઈનલ મેચ યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં ભારતના ઓલરાઉન્ડર ખેલાડી શ્રી રાજ બાવા 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

## વર્લ્ડ કપમાં એવોર્ડ

આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર શ્રી ડેવાલ્ડ બ્રેવિસને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' એવોર્ડ એનાયત થયો હતો.

- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ 506 રન શ્રી ડેવાલ્ડ બ્રેવિસે જ બનાવ્યા હતા.
- જ્યારે શ્રીલંકાના શ્રી ડ્યુનિથ વેલાલેજે સૌથી વધુ 17 વિકેટ ઝડપી હતી.

## અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ

અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ વર્ષ 1988થી થયો હતો.

- 1988 બાદ 1998થી દર બે વર્ષે આ વર્લ્ડ કપ યોજાય છે.
- અત્યાર સુધીમાં 14 વખત આ વર્લ્ડ કપનું આયોજન થયું છે.
- જેમાંથી ભારતે સૌથી વધુ 5 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.
- ભારત બાદ બીજા ક્રમે ઓસ્ટ્રેલિયાએ 3 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.

નોંધ : (1) આ અગાઉ વર્ષ 2020માં દક્ષિણ આફ્રિકામાં આ વર્લ્ડ કપ યોજાયો હતો. જેમાં ભારતને પરાજય આપીને બાંગ્લાદેશે વર્લ્ડ કપ જીતી લીધો હતો.

(2) વર્ષ 2022ના આ અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપના ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી યશ ધુલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં સુશ્રી લતા મંગેશકરનું નિધન થયું છે. તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) ઈન્દોર, મધ્યપ્રદેશ (B) ભોપાલ, મધ્યપ્રદેશ

(C) પૂણે, મહારાષ્ટ્ર (D) નાગપુર, મહારાષ્ટ્ર (A)

2. સુશ્રી લતા મંગેશકરના બાળપણનું નામ શું હતું ?

(A) સુશ્રી હેમા મંગેશકર (B) નિશા મંગેશકર

(C) સુશ્રી નીમા મંગેશકર (D) સુશ્રી ઈન્દુ મંગેશકર (A)

3. સુશ્રી લતા મંગેશકર નીચેનામાંથી કયા ઉપનામથી જાણીતા હતા ?

(A) સ્વર સામગ્રી (B) નાઈટિંગલ ઓફ ઈન્ડિયા

(C) વોઈસ ઓફ ધ મિલેનિયમ (D) ઉપરોક્ત તમામ (D)

4. સુશ્રી લતા મંગેશકરને મળેલા પુરસ્કાર સંદર્ભે કઈ બાબત સાચી રીતે જોડાયેલી નથી ?

(A) પદ્મ ભૂષણ - 1969 (B) ભારત રત્ન - 2012

(C) દાદા સાહેબ ફાળકે એવોર્ડ - 1989 (D) પદ્મ વિભૂષણ - 1999 (B)

5. સુશ્રી લતા મંગેશકરને કયા વર્ષે ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) 2001 (B) 2006 (C) 2008 (D) 2010 (A)

6. તાજેતરમાં સંત શ્રી કાશ્મીરી બાપુનું નિધન થયું છે. નીચેના પૈકી કયું સ્થળ તેમની તપોભૂમિ હતી ?

(A) ગિરનાર પર્વત (B) બરડો પર્વત

(C) શેત્રુંજય પર્વત (D) અંબાજી પર્વત (A)

6. 'અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ' 2022માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા

(C) ભારત (D) બાંગ્લાદેશ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'પરમ પ્રવેગ' સુપર કમ્પ્યૂટર (Param Praveg Super Computer)

બેંગ્લોર સ્થિત 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' (IISC) એ નેશનલ સુપરકોમ્પ્યૂટિંગ મિશન હેઠળ નવીનતમ સુપર કમ્પ્યૂટર 'Param Praveg' (પરમ પ્રવેગ) નામના સુપર કમ્પ્યૂટરને ઈન્સ્ટોલ અને કમિશન કરવાની જાહેરાત કરી છે.

### પરમ પ્રવેગ સુપર કમ્પ્યૂટર



ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ અનુસાર 'પરમ પ્રવેગ' એ ભારતના સૌથી શક્તિશાળી સુપર કમ્પ્યૂટરર્સમાંનું એક છે.

- પરમ પ્રવેગ સુપર કમ્પ્યૂટરની કુલ સુપરકમ્પ્યૂટિંગ ક્ષમતા 3.3 પેટાફ્લોપની છે. (1 પેટા ફ્લોપ અથવા $10^{15}$ ઓપરેશન્સ પ્રતિ સેકન્ડની સમકક્ષ)
- આ સિસ્ટમ વિવિધ સંશોધન અને શૈક્ષણિક કાર્યોને શક્તિ આપશે તેવી અપેક્ષા છે.
- આ સુપરકમ્પ્યૂટર એ ઉચ્ચ–પ્રદર્શન કમ્પ્યૂટિંગ વર્ગની સિસ્ટમ્સનો સુપર કમ્પ્યૂટર ભાગ છે.
- સિસ્ટમ એ વિજાતીય નોડ્સનું મિશ્રણ છે, જેમાં CPU નોડ્સ માટે Intel Xeon Cascade Lake પ્રોસેસર્સનો સમાવેશ થાય છે.
- પરમ પ્રવેગ સુપર કમ્પ્યૂટરને 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યૂટિંગ' (C-DAC) દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે.
- આ સિસ્ટમ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા મોટાભાગના ઘટકો ભારતમાં C-DAC દ્વારા વિકસિત સ્વદેશી સોફ્ટવેર સ્ટેક સાથે ઉત્પાદિત અને એસેમ્બલ કરવામાં આવ્યા છે.
- નોંધનીય છે કે નેશનલ સુપરકોમ્પ્યૂટિંગ મિશનનું સંચાલન વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (Meity) દ્વારા કરવામાં આવે છે અને C-DAC તથા IISC દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર : શાંતિશ્રી ધુલીપુડી પંડિત



સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટીના પ્રોફેસર સુશ્રી શાંતિશ્રી ધુલીપુડી પંડિતને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)ના નવા વાઈસ ચાન્સેલર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- આ સાથે તેઓ JNUના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર બન્યા છે.
- તેઓ JNUના કાર્યકારી વાઈસ ચાન્સેલર પ્રોફેસર એમ. જગદીશ કુમારનું સ્થાન લેશે.
- તેમનો કાર્યકાળ 5 વર્ષનો રહેશે.
- તેઓ JNUના પૂર્વ વિદ્યાર્થી પણ છે.
- પ્રોફેસર શાંતિશ્રી ધુલીપુડી પંડિત પૂણે યુનિવર્સિટીમાં રાજનીતિ અને જાહેર વહીવટ વિભાગમાં પ્રોફેસર રહી ચૂક્યા છે.

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતની નવી IT અને ITeS પોલિસી




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં IT સેક્ટરમાં ઝડપી સર્વસમાવેશક વૃધ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબધ્ધતા સાથે નવી ગુજરાત IT અને ITeS પોલિસીની જાહેરાત કરી છે.

- આ નવી પોલિસી પાંચ વર્ષ એટલે કે 2022 થી 2027 સુધી અમલમાં રહેશે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ તથા સાયન્સ ટેકનોલોજી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં આ નવી પોલિસી ગાંધીનગરમાં જાહેર કરી હતી.
- 'ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા ગુજરાત સરકારે આ નવી IT અને ITeS પોલિસી 2022-27 લોન્ચ કરી છે.

### નવી પોલિસીની વિશેષતાઓ

આ નીતિ CAPEX-OPEX મોડલનો એક યુનિક કોન્સેપ્ટ રજૂ કરી છે જે સમગ્ર દેશમાં પ્રથમ છે :

(a) સામાન્ય પ્રોજેક્ટ માટે વધુમાં વધુ રૂ. 50 કરોડની મર્યાદામાં 25 ટકાનો CAPEX સપોર્ટ અપાશે. તથા મેગા પ્રોજેક્ટ માટે આ મર્યાદા રૂ. 200 કરોડ સુધીની રહેશે.

(b) દર વર્ષે રૂ. 20 કરોડ સુધીના સામાન્ય પ્રોજેક્ટ માટે અને દર વર્ષે રૂ. 40 કરોડના મેગા પ્રોજેક્ટ્સ માટે 15% નો OPEX સપોર્ટ.

- રાજ્યમાં IT રોજગારને વેગ આપવાના પ્રયાસરૂપે ગુજરાત સરકારે પોલિસીમાં બે વિશેષ પ્રોત્સાહનો સમાવિષ્ટ કર્યા છે :
  (a) એમ્પ્લોયમેન્ટ જનરેશન ઈન્સેન્ટિવ (EGI), પ્રતિ કર્મચારી 60,000 રૂપિયા સુધી.
  (b) આત્મનિર્ભર ગુજરાત રોજગાર સહાય દ્વારા એમ્પ્લોયરના EPF યોગદાનનું 100% સુધીનું વળતર.
- રૂ. 5 કરોડ સુધીની ટર્મ લોન પર 7% લેખે વ્યાજની ચૂકવણી માટે સહાય.
- તમામ પાત્ર IT/ITEs એકમોને 100% ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીનું વળતર.
- IT ઉદ્યોગ માટે તૈયાર કુશળ પ્રતિભાનો અગ્રણી સ્ત્રોત બનાવવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત AI સ્કૂલ/ AI સેન્ટર ઓફ એક્સેલેન્સની સ્થાપના.
- કૌશલ્ય વિકાસ માટે સ્નાતક વિદ્યાર્થીઓ અને કાર્યકારી વ્યવસાયિકોને અભ્યાસક્રમની ફી પેટે 'ડાયરેક્ટ બેનિફેટ ટ્રાન્સફર' (DBT) દ્વારા વ્યક્તિ દીઠ મહત્તમ રૂ. 50,000 સુધીની નાણાકીય સહાય.
- ડિજિટલ સાક્ષરતામાં સુધારો કરવા અને માહિતી ટેકનોલોજીની જાગૃતિ વધારવા માટે શાળાના બાળકો અને સામાન્ય જનતાને લક્ષ્ય બનાવી મોટા પાયે માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) કાર્યક્રમો કરવામાં આવશે.
- રૂ. 100 કરોડ સુધીના CAPEX સપોર્ટ સાથે IT શહેરો/ ટાઉનશિપ્સના વિકાસને પ્રોત્સાહન અને નિયમનકારી અને FCI ધોરણોમાં છૂટછાટ આપવી.
- કોઈપણ આઈટી કંપની રાજ્યમાં તેમની આઈટી કામગીરીને ઝડપી રીતે કરી શકે તે માટે વિશ્વ કક્ષાની સહકાર્યકારી જગ્યાઓના નિર્માણની સુવિધા આપવી.
- સરકારની સુવિધાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ સ્થપાયેલી IT કંપનીઓને દર મહિને રૂ. 10,000 પ્રતિ સીટ સુધી 50% લેખે ભાડા સબસિડી.
- કલાઉડ ટેકનોલોજીના મહત્વને ઓળખીને, સરકારે કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવા માટે નોંધપાત્ર પગલાં લીધા છે. જેમાં :

  ડેટા સેન્ટર :
  - ➤ રૂ. 150 કરોડ સુધી 25% નો CAPEX સપોર્ટ
  - ➤ અને 5 વર્ષના સમયગાળા માટે રૂ. 1 /યુનિટની પાવર ટેરિફ

  કેબલ લેન્ડિંગ સ્ટેશન (CLS) :
  - ➤ રૂ. 20 કરોડ સુધી 25% CAPEX સપોર્ટ.
  - ➤ અને 5 વર્ષના સમયગાળા માટે રૂ. 1 /યુનિટની પાવર ટેરિફ સબસિડી

નોંધ : (1) OPEX : Operating Expenses
(2) CAPEX : Capital Expenditures

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પરમ પ્રવેગ' (Param Praveg) શું છે ?

(A) ભારતમાં નિર્મિત સબમરીન (B) ભારતમાં નિર્મિત સુપર કમ્પ્યૂટર

(C) ભારતમાં નિર્મિત હેલિકોપ્ટર (D) ભારતમાં નિર્મિત કોવિડ–19 વેક્સિન (B)

2. પરમ પ્રવેગ સુપર કમ્પ્યૂટરની કુલ સુપર કમ્પ્યૂટિંગ ક્ષમતા...............પેટા ફ્લોપની છે.

(A) 3.3 (B) 6.2 (C) 12.1 (D) 18.5 (A)

3. તાજેતરમાં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)ના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) સુશ્રી શાંતિશ્રી ધુલીપુડી પંડિત (B) સુશ્રી મિનાશ્રી ધુલીપુડી પંડિત

(C) સુશ્રી નતાશ્રી ધુલીપુડી પંડિત (D) સુશ્રી નિતુશ્રી ધુલીપુડી પંડિત (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવી IT અને ITeS પોલિસી લોન્ચ કરી હતી. આ પોલિસી કેટલા વર્ષ માટે અમલમાં રહેશે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5 (D)

5. ગુજરાતમાં લોન્ચ કરાયેલી નવી IT અને ITeS પોલિસી કયા સમયગાળા માટે અમલમાં રહેશે ?

(A) 2022 થી 2026 (B) 2022 થી 2027 (C) 2022 થી 2028 (D) 2022 થી 2029 (B)

## BDL ભારતીય સેનાને કોંકર્સ- એમ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ સપ્લાય કરશે



તાજેતરમાં ભારત ડાયનામિક્સ લિમિટેડ (BDL) અને ભારતીય સેના વચ્ચે કોંકર્સ–એમ (Konkurs-M) એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ (ATGM)ના ઉત્પાદન અને સપ્લાય માટે રૂ. 3,131.82 કરોડના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- આ કરાર ત્રણ વર્ષના સમયગાળામાં પૂર્ણ થશે.
- રશિયન ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (OEM) સાથેના લાયસન્સ કરાર હેઠળ BDL દ્વારા કોંકર્સ–એમ એન્ટિ– ટેન્ક ગાઈડેડ મિસાઈલોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- આ મિસાઈલને વધુમાં વધુ સ્વદેશી સ્વરૂપ આપવામાં આવશે.
- કોકંર્સ–એમ એ બીજી પેઢીની મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.
- તે વિસ્ફોટક પ્રતિક્રિયાશીલ બખ્તરથી સજ્જ સશસ્ત્ર વાહનોને નષ્ટ કરવા માટે બનાવવામાં આવી રહ્યું છે.
- મિસાઈલને BMP-II ટેન્ક અથવા ગ્રાઉન્ડ લોન્ચરથી લોન્ચ કરી શકાય છે.
- તેની રેન્જ 75 થી 4000 મીટર છે.
- તે દિવસ અને રાત્રિ બંને સ્થિતિમાં કાર્ય કરવા સક્ષમ છે.

નોંધ : (1) BDLનું પૂરું નામ 'ભારત ડાયનેમિક્સ લિમિટેડ' છે.
(2) તે ભારતમાં દારૂગોળા અને મિસાઈલ પ્રણાલીઓના ઉત્પાદકોમાંનું એક છે.
(3) તેની સ્થાપના વર્ષ 1970માં વર્તમાન તેલંગાણા રાજ્યના હૈદરાબાદ ખાતે કરવામાં આવી હતી.

## IPC કલમ 498-A

સુપ્રીમ કોર્ટે તાજેતરના ચુકાદામાં IPCની કલમ 498-Aના વધી રહેલા દુરુપયોગ પર ભાર મૂકતા કહ્યુ કે તેનાથી લગ્ન સંબંધમાં સંઘર્ષ વધી રહ્યો છે.

- કલમ 498-Aનો ઉદ્દેશ્ય રાજ્યના તાત્કાલિક હસ્તક્ષેપ દ્વારા તેના પતિ અને સાસરિયાઓ દ્વારા સ્ત્રી પ્રત્યેની ક્રૂરતાને રોકવાનો છે.
- કોર્ટે અવલોકન કર્યુ કે પતિ અને તેના સંબંધિઓ સામે વ્યક્તિગત દુશ્મનાવાટના સમાધાન માટે IPCની કલમ 498-A જેવી જોગવાઈઓનો દુરુપયોગ કરવાની વૃતિ વધી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શું છે IPCની કલમ 498-A

ઈન્ડિયન પીનલ કોડ (IPC)- 1860ના પ્રકરણ 20-Aમાં કલમ 498-Aની જોગવાઈ કરવામાં આવી છે.

- IPC કલમ 498-Aમાં જણાવવામાં આવ્યું છે કે પરણિત સ્ત્રીને દહેજ માંગણીના અનુસંધાનમાં પતિ અથવા પતિના સગા દ્વારા ત્રાસ આપવામાં આવે તો તે કૃત્યમાં ગુનેગારને 3 વર્ષ સુધીની કેદ અને દંડની સજા કરવામાં આવશે.

**નોંધ :** ઈન્ડિયન પીનલ કોડ– 1860 (IPC- 1860)ની કલમ 498-A ભારતીય સંસદ દ્વારા વર્ષ 1983માં પસાર કરવામાં આવી હતી.

## અરવલ્લી જૈવ વિવિધતા પાર્ક (Aravalli Biodiversity Park)ને ભારતની પ્રથમ OECM સાઈટ તરીકે જાહેર કરવામાં આવી.

વિશ્વ આદ્રભૂમિ દિવસ એટલે કે 2 ફેબ્રુઆરી, 2022ના રોજ 'અરવલ્લી જૈવ વિવિધતા પાર્ક'ને પ્રથમ 'Other Effective Area- Based Conservation Measures (OECM)' (પ્રથમ અન્ય અસરકારક વિસ્તાર–આધારિત સંરક્ષણ પગલાં) સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

### OECM શું છે ?

OECM ટેગ 'ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN)' દ્વારા આપવામાં આવે છે.

- IUCN મુજબ OECM સાઈટ્સ સુરક્ષિત નથી તે જૈવવિવિધતામાં સમૃધ્ધ છે.
- અરવલ્લી પર્વતમાળા દેશની પ્રથમ OECM સાઈટ છે.
- અરવલ્લીને OECM બનાવવાની દરખાસ્ત 'National Biodiversity Authority' દ્વારા કરવામાં આવી હતી.

### અરવલ્લી જૈવવિવિધતા પાર્ક

આ પાર્ક 390 એકરમાં ફેલાયેલો છે, તેમાં અર્ધશુષ્ક વનસ્પતિ છે.

- તેમાં 43,000 થી વધુ ઝાડીઓ, 1,01,000 વૃક્ષો અને 300 સ્થાનિક છોડની પ્રજાતિઓ છે.
- અગાઉ આ પાર્ક ખાણકામનું સ્થળ હતું.
- સ્થાનિક વસતીની સાથે પર્યાવરણવાદીઓ, વૈજ્ઞાનિકો અને પર્યાવરણશાસ્ત્રીઓના અથાગ પ્રયત્નોથી તે શહેરના જંગલમાં ફેલાઈ ગયું.
- અરવલ્લીને દિલ્હીના લીલા ફેફસા માનવામાં આવે છે, અરવલ્લી દિલ્હીને 7.07% ઓક્સિજન પૂરો પાડે છે.

## OECM વ્યાખ્યા

વર્ષ 2018માં યોજાયેલી જૈવિક વિવિધતા પરિષદમાં OECM વિસ્તારોની વ્યાખ્યા કરવામાં આવી હતી. જે આ મુજબ છે :


“ OECM એ એક સંરક્ષિત વિસ્તાર નથી. તેના હકારાત્મક પરિણામો મેળવવા માટે તેનું સંચાલન કરવામાં આવે છે. આ હકારાત્મક પરિણામોમાં જૈવવિવિધતાનું સંરક્ષણ, સાંસ્કૃતિક, સામાજિક–આર્થિક અને આધ્યાત્મિક મૂલ્યોનું મહત્વ”નો સમાવેશ થાય છે.

સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]

પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

**1.** તાજેતરમાં કઈ કંપની અને ભારતીય સેના વચ્ચે 'કોંકર્સ– એમ' એન્ટિ– ટેન્ક ગાઈડેડ મિસાઈલના ઉત્પાદન અને સપ્લાય માટે રૂ. 3,131 કરોડના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?

(A) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (B) ભારત ડાયનામિક્સ લિમિટેડ

(C) રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ (D) ટાટા સન્સ **(B)**

---

**2.** 'કોંકર્સ– એમ' (Konkurs- M) એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલની રેન્જ શું છે ?

(A) 75 થી 4000 મીટર (B) 100 થી 5000 મીટર

(C) 500 થી 6000 મીટર (D) 1000 થી 10,000 મીટર **(A)**

---

**3.** તાજેતરમાં સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં જણાવ્યું હતું કે IPCની કલમ 498-Aનો દુરૂપયોગ થઈ રહ્યો છે. આ કલમ 498-Aની IPCના કયા પ્રકરણમાં જોગવાઈ કરવામાં આવી છે ?

(A) પ્રકરણ– 20 (A) (B) પ્રકરણ– 19 (A) (C) પ્રકરણ– 18 (A) (D) પ્રકરણ– 17 (A) **(A)**

---


**4.** તાજેતરમાં ભારતના કયા સ્થળને ભારતની પ્રથમ 'OECM' (Other Effective Area- Based Conservation Measures) સાઈટ તરીકે જાહેર કરવામાં આવી છે ?

(A) જીણોદ્ધાર જૈવવિવિધતા પાર્ક (B) હૈદરાબાદ જૈવવિવિધતા પાર્ક

(C) ગઢવાલ જૈવવિવિધતા પાર્ક (D) અરવલ્લી જૈવવિવિધતા પાર્ક **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ દાળ દિવસ (World Pulses Day)




સમગ્ર વિશ્વમાં દાળોના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 10 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સના 'Food and Agriculture Organisation (Fao)'દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 10 ફેબ્રુઆરી, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 20 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.

## સમૃધ્ધ પહેલ (SAMRIDH Initiative)

અટલ ઈનોવેશન મિશન (AIM), નીતિ આયોગ અને યુ.એસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)એ 'સસ્ટેનેબલ એક્સેસ ટુ માર્કેટ્સ એન્ડ રિસોર્સીસ ફોર ઈનોવેટિવ ડિલિવરી ઓફ હેલ્થ કેર' (સમૃધ્ધ/ SAMRIDH) પહેલ હેઠળ નવી ભાગીદારીની જાહેરાત કરી છે.

- આ MoU કોવિડ–19ની ચાલી રહેલી ત્રીજી તરંગ માટે અસરકારક ટેકો આપવા અને ભવિષ્યમાં ચેપીરોગ ફાટી નીકળવા અને આરોગ્ય કટોકટીઓ માટે આરોગ્ય પ્રણાલીઓનું નિર્માણ કરવાના સામાન્ય ધ્યેય સાથે હેલ્થકેર લેન્ડસ્કેપમાં નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### સમૃધ્ધ પહેલ વિશે

વર્ષ 2020માં યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) અને ખાનગી ક્ષેત્રોના હિતધારકોએ બજાર આધારિત આરોગ્ય ઉકેલો બનાવવા અને વેગ આપવા માટે જાહેર સખાવતી ભંડોળને વ્યવસાયિક મૂડિ સાથે જોડાવા માટે એક નવીન સમૃધ્ધ મિશ્રિત ધિરાણ સુવિધા વિકસાવી હતી.

- મિશ્ર ધિરાણ એ ધિરાણ તરફનો એક અભિગમ છે. જ્યાં જાહેર અને પરોપકારી સ્ત્રોતોમાં (જેમ કે અનુદાન અને સબસિડીવાળી મૂડી)માંથી ઉત્પ્રેરક ધિરાણનો ઉપયોગ સામાજિક લક્ષ્યો અને પરિણામો હાંસલ કરવા માટે ખાનગી ક્ષેત્રમાંથી વધારાના રોકાણને આકર્ષવા માટે થાય છે.
- તે ટાયર–II અને IIIના શહેરો અને ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં સંવેદનશીલ વસતી માટે સસ્તું અને ગુણવતાયુક્ત આરોગ્ય સંભાળની પહોંચમાં સુધારો કરશે.
- પહેલનો અમલ IPE ગ્લોબલ (એક કંપની) દ્વારા સંચાલિત ટેકનિકલ સપોર્ટ યુનિટ દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

- તાત્કાલિક, મધ્યમ અને લાંબાગાળાની આરોગ્ય કટોકટીને પ્રોત્સાહન આપીને આરોગ્ય સુવિધાઓમાં પુરવઠા–બાજુના અંતરને દુર કરવું.
- નવીન અને બજાર આધારિત સ્વાસ્થ્ય સોલ્યુશન ઝડપથી વધારવું અને અપનાવવું.
- ઉચ્ચ અસરકારક સ્વાસ્થ્ય ઉકેલોને પ્રોત્સાહન આપીને ટકાઉ આરોગ્ય પ્રણાલી બનાવવા માટે સંસાધનો એકત્ર કરવા.
- સંવેદનશીલ વસતી માટે સમુદાય સ્તરે સ્થાનિક અને વ્યાપક ઉકેલોને પ્રોત્સાહન આપવું.

## મહત્વ

- સમૃધ્ધ (SAMRIDH) પહેલ ભારતની આરોગ્ય પ્રણાલીને ટકાઉ વ્યવસાયિક નવીનતાઓ અને ઉકેલો સાથે મજબૂત કરવામાં મદદ કરશે.
- આ ભાગીદારી આરોગ્ય સંભાળમાં વધુ રોકાણને અનલોક કરવા માટે નવીન ફાઈનાન્સિંગ સોલ્યુશન્સનો લાભ મેળવવા માટે અટલ ઈનોવેશન મિશન અને USAIDની પ્રતિબધ્ધતાને પણ શેર કરશે.

# શ્રી એમ. જગદીશ કુમારની UGCના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક



શિક્ષણ મંત્રાલયે તાજેતરમાં શ્રી એમ.જગદીશ કુમારને 'યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન' (UGC)ના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

- આ નિમણૂક 5 વર્ષની મુદ્દત માટે અથવા 65 વર્ષની વય સુધી (જે વહેલું હોય તે) માટે કરવામાં આવી છે.
- આ પહેલા તેઓ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે ફરજ બજાવતા હતા.
- શ્રી એમ. જગદીશ IIT મદ્રાસના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

નોંધ : (1) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)નો પાયો 28 ડિસેમ્બર, 1953ના રોજ તત્કાલિન શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદે નાખ્યો હતો.

(2) UGC યુનિવર્સિટી શિક્ષણના ધોરણોનું સંકલન, નિર્ધારણ અને જાળવણી માટે વર્ષ 1956માં સંસદના અધિનિયમ દ્વારા સ્થાપિત એક સવાયત્ત સંસ્થા છે.

(3) તે લાયકાત ધરાવતી યુનિવર્સિટીઓ અને કોલેજોને અનુદાન આપવા ઉપરાંત કમિશન કેન્દ્ર અને રાજ્ય સરકારોને ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે જરૂરી પગલાં અને સલાહ આપે છે.

1. 'વિશ્વ દાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ફેબ્રુઆરી (B) 9 ફેબ્રુઆરી (C) 10 ફેબ્રુઆરી (D) 11 ફેબ્રુઆરી (C)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?

(A) 2007 (B) 2017 (C) 2018 (D) 2019 (D)

3. સમૃધ્ધ પહેલ (SAMRIDH Initiative) સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) અટલ ઈનોવેશન મિશન (AIM), નીતિ આયોગ અને યુ.એસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)એ સમૃધ્ધ (SAMRIDH) પહેલ હેઠળ તાજેતરમાં એક નવી ભાગીદારીની શરૂઆત કરી છે.

(B) આ પહેલ વર્ષ 2014માં USAIDની મદદથી ચાલુ કરવામાં આવી હતી.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. શિક્ષણ મંત્રાલયે તાજેતરમાં 'યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન' (UGC)ના નવા અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કર્યા છે ?

(A) શ્રી સંજીવ જૈન (B) શ્રી પ્રકાશ બંસલ (C) શ્રી અલોક કુમાર (D) શ્રી એમ જગદીશ (D)

## દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, (1) વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ (International Day of Women and Girls in Science)
## (2) વિશ્વ યુનાની દિવસ (World Unani Day)

### International Day of Women and Girls in Science

વિજ્ઞાનના વિકાસમાં મહિલાઓ તથા છોકરીઓના યોગદાનને બિરદાવવા માટે તેમજ તેને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- 22 ડિસેમ્બર, 2015ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2016 થી 11 ફેબ્રુઆરીના રોજ દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

### વિશ્વ યુનાની દિવસ

વિશ્વ યુનાની દિવસ દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવે છે.




- આ દિવસ યુનાની સંશોધક શ્રી હકીમ અજમલ ખાનની જન્મજંયતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- શ્રી હકીમ અમજલ ખાન એક પ્રતિષ્ઠિત ભારતીય યુનાની ચિકિત્સક હતા.
- તેઓ સ્વતંત્રતા સેનાની, શિક્ષણવિદ્ અને યુનાની દવામાં વૈજ્ઞાનિક સંશોધનના સ્થાપક પણ હતા.
- શ્રી હકીમ અજમલ ખાને વર્ષ 1921માં કોંગ્રેસના અધિવેશનની પણ અધ્યક્ષતા કરી હતી.
- નોંધનીય છે કે યુનાની ચિકિત્સા પધ્ધતિ અરેબિયાના લોકો દ્વારા ભારતમાં પહોંચી હતી અને તેના કુદરતી વાતાવરણ અને અનુકૂળ પરિસ્થિતિઓના કારણે આ પદ્ધતિનો ઘણો વિકાસ થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# અટલ ટનલ (Atal Tunnel)

તાજેતરમાં અટલ ટનલને વર્લ્ડ ઓફ રેકોર્ડ્સ દ્વારા '10000 ફૂટ થી વધુની ઊંચાઈએ વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ' તરીકે સત્તાવાર રીતે પ્રમાણિત કરવામાં આવી છે.

- વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ યુકે, એક એવી સંસ્થા છે જે અધિકૃત પ્રમાણપત્ર સાથે વૈશ્વિક અસાધારણ રેકોર્ડની સૂચી બનાવે છે અને તેની ચકાસણી કરે છે.

## અટલ ટનલ વિશે




9.2 કિમી લાંબી આ ટનલ 3,000 મીટરથી વધુની ઊંચાઈએ વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ છે.


- આ ટનલ રોહતાંગ ઘાટ (Rohtang Pass)ની પશ્ચિમે એક પર્વતને પાર કરે છે.
- અને તે સોલાંગ ઘાટ અને સિસુ વચ્ચેનું અંતર લગભગ 46 કિમી જેટલું ઘટાડે છે જે પૂરા અંતરને આવરી લેવામાં 15 મિનિટ લે છે.
- પહેલા આ બે પોઈન્ટ વચ્ચે મુસાફરી કરવામાં લગભગ 4 કલાક લાગતા હતા.
- આ ટનલથી મનાલી અને લેહ વચ્ચેના અંતરમાં 46 કિ.મીનો ઘટાડો થયો છે. જેના કારણે પરિવહન ખર્ચમાં પણ કરોડો રૂપિયાની બચત થઈ છે.
- આ ઉપરાંત આ ટનલના નિર્માણથી હિમાચલ પ્રદેશ અને લદ્દાખના અંતરિયાળ વિસ્તારોમાં બારે માસ રોડ કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.
- નોંધનીય છે કે શિયાળાની ઋતુ દરમિયાન લગભગ આ વિસ્તાર બરફથી ઢકાયેલો રહેતો જેના કારણે આ વિસ્તારનો સંપર્ક દેશના અન્ય ભાગોથી કપાઈ જતો હતો.
- આ ટનલ પહેલા 'રોહતાંગ ટનલ' તરીકે ઓળખાતી હતી.
- ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ 3 જૂન, 2000ના રોજ આ ટનલ બનાવવાનો નિર્ણય કર્યો હતો.
- આથી, શ્રી અટલ બિહારી વાજપેઈના નામ પરથી આ ટનલને 'અટલ ટનલ' નામ આપવામાં આવ્યું છે.

નોંધ : (1) રોહતાંગ ઘાટ (3,978 મીટરની ઊંચાઈ) હિમાચલ પ્રદેશ રાજ્યમાં સ્થિત છે.

(2) આ ટનલ હિમાલયની પીર પંજાલ શ્રેણીમાં આવેલી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભૂ-ચૂંબકીય તોફાન (Geomagnetic Strom)



તાજેતરમાં શ્રી એલોન મસ્કની કંપની સ્પેસએક્સ દ્વારા લોન્ચ કરાયેલ કેટલાક હાઈ–સ્પીડ ઈન્ટરનેટ સ્ટારલિંક ઉપગ્રહો જીઓમેગ્નેટિક તોફાનને કારણે નાશ પામ્યા હતા.

- આ ઘટનાના એક દિવસ પહેલા જ આ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા.
- સ્ટારલિંકે 49 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા જેમાંથી 40 ઉપગ્રહો જીઓમેગ્નેટિક તોફાનમાં ફંસાઈ ગયા હતા.
- જોકે અવકાશમાં કાટમાળના નિર્માણને ટાળવા માટે આ ઉપગ્રહોને પૃથ્વીના વાતાવરણમાં પુનઃપ્રવેશ કરતી વખતે બળી જાય એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા હતા.

### જીઓમેગ્નેટિક તોફાન શું છે ?

જીઓમેગ્નેટિક તોફાનને 'ચુંબકીય તોફાન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જીઓમેગ્નેટિક તોફાન એ ચુંબકીય પ્લાઝમા છે જે ખૂબ જ ઝડપે સૌર સપાટી પરથી બહાર નીકળે છે.
- તેઓ ચુંબકીય ઉર્જાના નિષ્કર્ષણ દરમિયાન આવે છે, જે સનસ્પોટ (સૂર્ય પરના અંધારીયા ક્ષેત્રો) સાથે સંકળાયેલા છે.
- આ તોફાન થોડી મિનિટો અથવા કલાકો સુધી ટકી શકે છે.
- આ તોફાનો 'સૌર પવન'માં ભિન્નતાથી પરિણામે છે. જે પૃથ્વીના મેગ્નોટોસ્ફિયર, પ્લાઝમા અને તેના વાતાવરણના પ્રવાહમાં મોટા ફેરફારનું કારણ બને છે.
- ચુંબકીય તોફાનનું કારણ સંભવતઃ સૌર કોરોનાનું 'સૌર કોરોનલ માસ ઈજેક્શન' (CME) અથવા સૌર કોરોનાના કેન્દ્રમાંથી ઉદ્‌ભવતા હાઈ–સ્પીડ સોલાર વિન્ડ કંરટનો 'કો–રોટેટિંગ ઈન્ટરેકશન રિજન' (CIR) છે.

### જીઓમેગ્નેટિક તોફાન પૃથ્વી પર કેવી રીતે અસર કરે છે ?

#### અવકાશ અને હવામાન પર અસર

તમામ સૌર જ્વાળાઓ પૃથ્વી સુધી પહોંચતી નથી.

- પરંતુ સૌર જ્વાળાઓ/ તોફાન, સૌર ઉર્જા યુક્ત કણો (SEPS), હાઈ–સ્પીડ સોલાર વિન્ડ્સ અને કોરોનલ માસ ઈજેકશન (CMEs) પૃથ્વીની નજીકના અવકાશમાં અને ઉપરના વાતાવરણમાં અવકાશના હવામાનને અસર કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અવકાશ આધારિત સેવાઓના સંચાલન પર અસર

સૌર તોફાન GPS, રેડિયો અને સેટેલાઈટ સંચાર જેવી અવકાશ સેવાઓના સંચાલનને પણ અસર કરી શકે છે.

- તે એરક્રાફ્ટ ફ્લાઈટ, પાવર ગ્રીડ અને અવકાશ સંશોધન કાર્યક્રમોને અસુરક્ષિત બનાવે છે.

## મેગ્નેટોસ્ફિયરમાં સંભવિત સમસ્યા

લાખો માઈલ પ્રતિ કલાકની ઝડપથી મુસાફરી કરતા દ્રવ્યોમાંથી કોરોનલ માસ ઈજેક્શન (CMEs) સંભવિત રીતે મેગ્નેટોસ્ફિયરમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકે છે, જે પૃથ્વીની આસપાસ રક્ષણાત્મક કવચ છે.

- સ્પેસસવોક પર અવકાશયાત્રીઓ પૃથ્વીના રક્ષણાત્મક વાતાવરણની બહાર સૌર કિરણોત્સર્ગથી સંભવિત સ્વસ્થ્ય જોખમોનો સામનો કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આગાહી

સૌર ભૌતિકશાસ્ત્રીઓ અને અન્ય વૈજ્ઞાનિકો સામાન્ય રીતે સૌર તોફાનો અને સૌર પ્રવૃત્તિની આગાહી કરવા માટે કમ્પ્યૂટર મોડલનો ઉપયોગ કરે છે.

- વૈજ્ઞાનિકોના મતે વર્તમાન કમ્પ્યૂટર મોડલ તોફાનોના સમય અને ગતિની આગાહી કરવામાં સક્ષમ છે.
- પરંતુ તેઓ હજુ પણ તોફાનની રચના અથવા દિશાની આગાહી કરી શકતા નથી.

નોંધ : (1) આ પહેલા પણ ઘણા સૌર તોફાનો આવ્યા છે. 1859, 1921 અને 1989માં વિશ્વમાં સૌથી ગંભીર સૌર તોફાનો આવ્યા હતા.

(2) 1859ના જીઓમેગ્નેટિક તોફાનને 'કેરિંગ્ટન હરિકેન' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે અત્યાર સુધીનું સૌથી મોટું જીઓમેગ્નેટિક તોફાન હતું.

(3) કોરોનલ માસ ઈજેક્શન સુર્યની સપાટી પરથી સૌથી મોટા ઈજેક્શન પૈકીનું એક છે અને તેમાં એક અબજ ટન દ્રવ્યનો સમાવેશ થાય છે જે કલાકના કેટલાક મિલિયન માઈલની ઝડપે અવકાશમાં પ્રવેશ કરે છે. તે આંતરગ્રાહીય માધ્યમથી આગળ વધે છે અને તેના માર્ગમાં આવતી કોઈપણ વસ્તુને અસર કરવાની ક્ષમતા ધરાવે છે, પછી તે ગ્રહ હોય કે અવકાશયાન હોય.

## ઓપરેશન આહટ (Operation AAHT)

તાજેતરમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) દ્વારા માનવ તસ્કરીને રોકવા માટે દેશવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

- જેને ઓપરેશન આહટ/ આહત નામ આપવામાં આવ્યું છે.
- નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દર વર્ષે સરેરાશ માનવ તસ્કરીના લગભગ 2,200 કેસ નોંધે છે.

### Operation AAHT

ભારતીય રેલવે દરરોજ 23 મિલિયનથી વધુ (કોરોના મહામારી પહેલા) મુસાફરોનું પરિવહન કરે છે, તે મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોની હેરફારના શંકાસ્પદો માટે સૌથી મોટું સૌથી વિશ્વસનીય વાહક છે.

- ઓપરેશન આહટ/ આહત (Operation AAHT) હેઠળ તમામ લાંબા અંતરની ટ્રેનો/માર્ગો પર વિશેષ ટીમો તૈનાત કરવામાં આવશે.
- જેમાં પીડિતોને ખાસ કરીને મહિલાઓ અને બાળકોને તસ્કરોના ચુંગલમાંથી બચાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.
- આ ઓપરેશન હેઠળ RPF લીડ્સ એકત્રિત કરશે, તેને મેચ કરશે તેનું વિશ્લેષણ કરશે તથા રૂટ, પીડિત, સ્ત્રોત, ગંતવ્ય સ્થાન, લોકપ્રિય ટ્રેનોની માહિતી વગેરે એકત્ર કરવામાં આવશે.
- RPF ઓપરેશનમાં તેની તમામ ગુપ્ત માહિતીનો ઉપયોગ કરશે. આ ઉપરાંત એકત્ર કરેલી માહિતીઓ અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે શેર કરવામાં આવશે.
- RPF આ ખતરાને રોકવામાં સ્થાનિક પોલીસને મદદ કરવા માટે સમગ્ર રાજ્યોમાં સેતુ તરીકે કામ કરી શકે છે.
- આ ઉપરાંત નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારની સરહદે આવેલા જિલ્લાઓમાંથી આવતી ટ્રેનો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરીને માનવ તસ્કરીની ડિજિટલ પધ્ધતિઓ શોધવા માટે સાયબર સેલ દ્વારા વેબ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માનવ તસ્કરી

માનવ તસ્કરી જેને <u>વ્યક્તિઓની હેરફેર</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

- માનવ તસ્કરી એ <u>ગુલામીનું</u> આધુનિક સ્વરૂપ છે. જેમાં મજૂર, જાતીય શોષણ અને આવી પ્રવૃત્તિઓના ગુનેગારોને આર્થિક લાભના હેતુસર બળ અથવા કપટ દ્વારા વ્યક્તિઓના ગેરકાયદેસર પરિવહનનો સમાવેશ થાય છે.
- માનવ તસ્કરી એ ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોના જાતીય શોષણ, બળજબરીથી લગ્ન, ઘરેલું ગુલામી, અંગ પ્રત્યારોપણ, માદક દ્રવ્યોની હેરાફેરી વગેરે માટેનો સંગઠિત અપરાધ છે. અને માનવ અધિકારોના ઉલ્લંઘનનું સૌથી વિકૃત સ્વરૂપ છે.
- સર્વસંમતી અભિપ્રાય મુજબ દેશો વચ્ચે દાણચોરી ખૂબ વ્યાપક છે, પરંતુ **<u>UNODC</u>**ના અહેવાલ મુજબ લગભગ **<u>60%</u>** દાણચોરી દેશોમાં આંતરિક રીતે થાય છે.
- ભારતમાં હાલ માનવ તસ્કરીથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય પશ્ચિમ બંગાળ છે. ત્યારબાદ છત્તીસગઢ, ઝારખંડ અને આસામ આવે છે.



**1.** યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી (C) 11 ફેબ્રુઆરી (D) 12 ફેબ્રુઆરી **(C)**

**2.** કયા દિવસે 'વિશ્વ યુનાની દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 12 ફેબ્રુઆરી (D) 13 ફેબ્રુઆરી **(B)**

**3.** તાજેતરમાં ભારતની કઈ ટનલને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા '10000 ફૂટથી વધુની ઊંચાઈએ વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ' તરીકે સત્તાવાર રીતે પ્રમાણિત કરવામાં આવી છે ?

(A) માલી ગુડા ટનલ (B) અટલ ટનલ (C) બોરા ટનલ (D) લક્ષ્મીપુર ટનલ **(B)**

**4.** અટલ ટનલ સમુદ્રની સપાટીથી 3000 મીટરથી વધુ ઊંચાઈ પર આવેલી વિશ્વની સૌથી લાંબી ટનલ છે ......................તેની લંબાઈ કેટલા કિલોમીટર છે.

(A) 6.6 (B) 5.2 (C) 7.6 (D) 9.2 **(D)**

**5.** તાજેતરમાં શ્રી એલોન મસ્કની કંપની સ્પેસએક્સ દ્વારા લોન્ચ કરાયેલ સ્ટારલિંક ઉપગ્રહો 'જીઓમેગ્નેટિક તોફન'ના કારણે નષ્ટ થયા હતા. આ જીઓમેગ્નેટિક તોફાન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને ચુંબકીય તોફાન તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. જીઓમેગ્નેટિક તોફાન એ ચુંબકીય પ્લાઝમાં છે. જે ખૂબ જ ઝડપે સૌર સપાટી પરથી બહાર નીકળે છે.
3. તે ચુંબકીય ઉર્જાના નિષ્કર્ષણ દરમિયાન આવે છે, જે સનસ્પોટ (સુર્ય પરના અંધારિયા ક્ષેત્રો) સાથે સંકળાયેલા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, અને 3 **(D)**

**6.** તાજેતરમાં કોના દ્વારા માનવ તસ્કરીને રોકવા માટે 'ઓપરેશન આહટ/ આહત' (Operation AAHT) શરૂ કરવામાં આવ્યું છે ?

(A) RPF (B) ભારતીય નૌસેના (C) MPF (D) NDRF **(A)**

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'One Ocean Summit'ને સંબોધિત કર્યુ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વન ઓશન સમિટ' (One Ocean Summit)ના ઉચ્ચ સ્તરીય સત્રને સંબોધિત કર્યુ હતું.

- ફ્રાન્સના બ્રેસ્ટમાં યુનાઈટેડ નેશન્સ અને વર્લ્ડ બેંકના સહયોગથી ફ્રાન્સ દ્વારા વન ઓશન સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- યુનાઈટેડ કિંગ્ડમ, જર્મની, જાપાન, દક્ષિણ કોરિયા અને કેનેડાના અન્ય ઘણા દેશોના વડાઓ અને સરકારો દ્વારા પણ સમિટને સંબોધવામાં આવી હતી.
- આ સમિટ રાજકીય નેતાઓ અને તમામ હિતધારકોને મૂર્ત, સાહસિક અને કાર્યક્ષમ પહેલ અને પ્રતિબધ્ધતાઓ સાથે નિર્ણાયક યોગદાન આપવાની તક પૂરી પાડશે.
- મહાસાગરને સમર્પિત દાયકાના પ્રથમ વર્ષમાં આ પ્રથમ મોટી ઈવેન્ટ છે.

### One Ocean Summitનું લક્ષ્ય

વન ઓશન સમિટનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય સમુદાયની મહત્વાકાંક્ષાના સામૂહિક સ્તરને વધારવાનો છે.

- કોન્ફરન્સ દરમિયાન ગેરકાયદે માછીમારી, શિપિંગ અને પ્લાસ્ટિક પ્રદૂષણને ઘટાડવાની પ્રતિબધ્ધતા કરવામાં આવી હતી.
- ઉચ્ચ સમુદ્રોના શાસનને સુધારવા અને આતંરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંશોધનના સંકલન પર પણ પ્રયત્નો કેન્દ્રીત હતા.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

# RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI- Monetary Policy Report- MPR)

ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં ફેબ્રુઆરી, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડ્યો છે.

- સતત દસમી વખત પોલિસી રેટ યથાવત રાખવામાં આવ્યા છે.
- RBIએ કેન્દ્રીય બજેટ 2022-23 પછી તેની પ્રથમ નીતિમાં અનુકૂળ વલણ જાળવી રાખ્યું છે.
- રેપો રેટ 4% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- જ્યારે રિવર્સ રેપો રેટને પણ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- સીમાંત સ્થાયી સુવિધા (Marginal Standing Facility - MSF) દર અને બેંક દર (Bank Rat)ને પણ પહેલાની જેમ 4.25% પર યથાવત રાખવામાં આવ્યા છે.

**યથાવત પોલિસી રેટ**

| ક્રમ | ઈન્ડિકેટર્સ | રેટ |
|---|---|---|
| 1 | રેપો રેટ | 4% |
| 2 | રિવર્સ રેપો રેટ | 3.35% |
| 3 | MSF | 4.25% |
| 4 | બેંક રેટ | 4.25% |
| 5 | CRR | 4.00% |
| 6 | SLR | 18% |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.

(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

## Monetary Policy Report

RBIની મોનેટરી પોલિસીની કમિટી (MPC) દ્વારા 'મોનેટરી પોલિસી રિપોર્ટ' પ્રકાશિત કરવામાં આવે છે.

- મોનેટરી પોલિસી એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા દેશમાં ભાવની સ્થિરતા જાળવવા અને ઉચ્ચ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટે વ્યાજ દરના નિયંત્રણ દ્વારા અર્થતંત્રમાં નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવામાં આવે છે.
- ભારતમાં Monetary Policy ની સમિક્ષા માટે 'મોનેટરી પોલિસી કમિટી'ની રચના કરવામાં આવે છે.
- RBIના ગવર્નર આ કમિટીના અધ્યક્ષ હોય છે.

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'One Ocean Summit'ને સંબોધિત કર્યુ હતું. આ સમિટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ફ્રાન્સના બ્રેસ્ટમાં યુનાઈટેડ નેશન્સ અને વર્લ્ડ બેંકના સહયોગથી ફ્રાન્સ દ્વારા આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
2. આ સમિટનો મુખ્ય ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય સમુદાયની મહત્વાકાંક્ષાના સામૂહિક સ્તરને વધારવાનો છે.
3. આ સમિટમાં ચીન અને રશિયાએ દરિયાઈ જીવોના સંરક્ષણ માટે એક અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

2. તાજેતરમાં RBIએ ફેબ્રુઆરી, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડ્યો હતો. જેમાં રેપો રેટ કેટલા ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે ?

(A) 2% (B) 4% (C) 6% (D) 3.5% (B)

3. તાજેતરમાં RBIએ ફેબ્રુઆરી, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડ્યો હતો. જેમાં રિવર્સ રેપો રેટ કેટલા ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે ?

(A) 3.35% (B) 4.35% (C) 5.43% (D) 18% (A)

# ONE LINER

## ગુજરાત

➤ **ઇન્ટર ઓપરેબલ ક્રિમીનલ જસ્ટિસ સિસ્ટમ ICJSના અમલ અને રેન્કિંગમાં ગુજરાતના જેલ વિભાગે મેળવ્યો દ્વિતિય ક્રમનો એવોર્ડ**

ગુજરાતના જેલ વિભાગને 'ગુડ પ્રેક્ટિસીસ ઓન ક્રાઈમ ક્રિમીનલ ટ્રકિંગ એન્ડ નેટવર્ક સિસ્ટમ ICJS'ની વાર્ષિક મિટીંગમાં આ સિસ્ટમના અમલીકરણ માટેનો દ્વિતીય પુરસ્કાર–એવોર્ડ તાજેતરમાં પ્રાપ્ત થયો છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઉપક્રમે NIC દ્વારા આ CCTNS પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ICJS પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી. આ પોર્ટલ પર રાષ્ટ્રીય કક્ષાએ પોલીસ, કોર્ટ, પ્રિઝન્સ, ગુનામાં સંડોવાયેલ વાહનો, ગુમ/બિનવારસી વ્યક્તિઓની માહિતી, કેન્દ્રીય એજન્સીઓ વગેરે વિભાગોના ડેટાનો વિનિમય કરીને તપાસ એજન્સીને એક જ ડિજિટલ સિક્યોર પ્લેટફોર્મ ઉપર ડેટા જોઈ શકે તેવી વ્યવસ્થા કાર્યાન્વિત કરેલી છે. આ પ્રોજેક્ટ હેઠળ વિવિધ સ્તંભો પોલીસ, પ્રિઝન, એફ.એસ.એલ, પ્રોસિક્યુશનમાં કરેલી કાર્યવાહી અંગેના એવોર્ડ અન્વયે 37 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશમાં શ્રેષ્ઠ અમલીકરણ બદલ પ્રિઝન સ્તંભમાં ગુજરાતને દ્વિતીય ક્રમનો એવોર્ડ મળ્યો છે. આ ઉપરાંત આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની જેલોના વડા અને અધિક પોલીસ મહાનિર્દેશક ડો. કે, એલ. એન. રાવના પુસ્તક 'જેલ ઈતિહાસ અને વર્તમાન'ના અંગ્રેજી સંસ્કરણ 'જેઈલ–પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ' પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. નોંધનીય છે કે ડો. રાવનું આ પુસ્તક 'જેલ ઈતિહાસ અને વર્તમાન'નું ગુજરાતી સંસ્કરણ આ અગાઉ ઓગસ્ટ–2021માં પ્રકાશિત થયું હતું.

## ભારત

➤ **ICRISAT સંસ્થાની 50મી વર્ષગાંઠ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 5 ફેબ્રુઆરી, 2022ના રોજ હૈદરાબાદના પટંચેરુ ખાતે 'આંતરરાષ્ટ્રીય અર્ધ–શુષ્ક ઉષ્ણકટિબંધિય પાક સંશોધન સંસ્થાની સુવર્ણ જયંતિ ઉજવણીનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અર્ધ–શુષ્ક ઉષ્ણકટિબંધિય માટે ઈન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ–ICRISAT એ બિન–લાભાકારી, બિન રાજકીય સંસ્થા છે જે એશિયા અને સબ–સહારન આફ્રિકાના શુષ્ક પ્રદેશોમાં કૃષિના વિકાસ માટે સંશોધન કરે છે. તેની સ્થાપના વર્ષ 1972માં કરવામાં આવી હતી. તેનું મુખ્યમથક હૈદરાબાદ ખાતે સ્થિત છે.

➢ **સઘન મિશન ઈન્દ્રધનુષ 4.0**

સ્વાસ્થ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ તાજેતરમાં દેશમાં બાળકો અને સગર્ભા મહિલાઓને ગંભીર રોગોથી બચાવવા માટે 'સઘન મિશન ઈન્દ્રધનુષ'ના ચોથા તબક્કાની શરૂઆત કરી છે. દેશમાં સંપૂર્ણ રસીકરણ માટે આ એક વિશેષ અભિયાન છે. આ મિશન દ્વારા સંપૂર્ણ રસીકરણને વધુ વેગ મળશે. નોંધનીય છે કે અત્યાર સુધીમાં મિશન હેઠળ બાળકોનું રસીકરણ કવરેજ વધીને 76 ટકાથી વધુ થઈ ગયું છે. 'સઘન મિશન ઈન્દ્રધનુષ' કાર્યક્રમ વર્ષ 2017માં શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ 2020માં સઘન મિશન ઈન્દ્રધનુષ 2.0 અને વર્ષ 2021માં સઘન મિશન ઈન્દ્રધનુષ 3.0 લોન્ચ કરવામાં આવ્યું હતું.

➢ **પાવરથોન 2022**

તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રાલયે પાવરથોન–2022ની શરૂઆત કરી હતી. આ એક હેકાથોન સ્પર્ધા છે જે રિવેન્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) હેઠળ પાવર ડિસ્ટ્રિબ્યુશનમાં જટિલ સમસ્યાઓ ઉકેલવા માટે ટેકનોલોજી આધારિત ઉકેલો શોધવા માટે શરૂ કરવામાં આવી છે. હેકાથોનમાં સ્ટાર્ટ–અપ્સ, ટેકનોલોજી સોલ્યુશન પ્રોવાઈડર્સ (TSPs), શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, સાધનો ઉત્પાદકો, રાજ્ય પાવર યુનિટ્સ અને રાજ્ય તથા કેન્દ્રીય પાવર સેક્ટરની અન્ય સંસ્થાઓની ભાગીદારીમાં જોવા મળશે. આ હેકાથોનની નવ થીમ છે : માંગ/ લોડની આગાહી, કુલ ટેકનિકલ અને વાણિજ્યિક (AT & C) નુકશાનમાં ઘટાડો, ઉર્જા ચોરીની તપાસ, વિતરણ ટ્રાન્સફોર્મર (DT) નિષ્ફળતાનો અંદાજ, સંપત્તિ નિરીક્ષણ, વનસ્પતિ વ્યવસ્થાપન, ઉપભોક્તા અનુભવની વૃદ્ધિ, નવીનીકરણીય ઉર્જાનું સંયોજન અને વિજળી ખરીદનું અનુકૂલન.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➢ **જમ્મુ- કાશ્મીરમાં બન્યું વિશ્વનું સૌથી મોટું ઈગ્લૂ કેફે**

તાજેતરમાં જમ્મુ કાશ્મીરમાં એક ઈગ્લૂ કેફે ખોલવામાં આવ્યું છે. તે વિશ્વનું સૌથી મોટું ઈગ્લૂ કેફે છે. આ કેફેનું નામ સ્નોગલુ છે. આ કેફે કશ્મીરના ગુલમર્ગમાં બનાવવામાં આવ્યું છે. તેનો વ્યાસ 44.5 ફૂટ અને ઊંચાઈ 37.5 ફૂટ છે. આ કાફે પ્રદેશના મુખ્ય પ્રવાસી આકર્ષણોમાંનું એક બની ગયું છે. આ કેફેમાં 40 લોકો બેસી શકે છે. બરફથી બનેલા ઘરને ઈગ્લૂ કહેવામાં આવે છે. આ પહેલા સૌથી મોટો કેફે સ્વિત્ઝર્લેન્ડમાં હતો.

➤ **સેલ્સફોર્સ ગ્લોબલ ડિજિટલ સ્કીલ્સ ઈન્ડેક્સ 2022માં ભારતે પ્રથમ સ્થાન મેળવ્યું.**

'સેલ્સ ફોર્સ ગ્લોબલ ડિજિટલ સ્કીલ્સ ઈન્ડેક્સ, 2022'માં ભારતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ઈન્ડેક્સ 19 દેશોની સરખામણી કરીને બનાવવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સની ગણતરી નાગરિકોની નવી ડિજિટલ કૌશલ્ય અને કર્મચારીઓની ભાવના શીખવાની તૈયારીના આધારે કરવામાં આવી હતી. તમામ દેશોમાં ભારતનો સૌથી વધુ તૈયારીનો સ્કોર હતો. ભારતે આ ઈન્ડેક્સમાં 100માંથી 63નો સ્કોર મેળવ્યો હતો.

## વિશ્વ

➤ **ચીન અને પાકિસ્તાને CPEC કરાર પર હસ્તાક્ષર કર્યા**

તાજેતરમાં પાકિસ્તાને 60 બિલિયન ડોલર 'ચાઈના– પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર' (CPEC)ના બીજા તબક્કાને શરૂ કરવા માટે ચીન સાથે નવા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. CPEC એ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો સંગ્રહ છે, જે સમગ્ર પાકિસ્તાનમાં નિર્માણાધીન છે. તેની શરૂઆત 2013માં થઈ હતી.

➤ **ઓસ્ટ્રેલિયાએ કોઆલાને લુપ્તપ્રાય પ્રજાતિ જાહેર કરી**

10 ફેબ્રુઆરી, 2022ના રોજ ઓસ્ટ્રેલિયાએ કોઆલા (Koalas)ને લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે જાહેર કર્યુ છે. ક્વીન્સલેન્ડ, ન્યૂ સાઉથ વેલ્સ અને ઓસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરીમાં 10 વર્ષ પહેલાં આ પ્રજાતિઓને સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. હવે આ પ્રજાતિઓનું રક્ષણ વધારવામાં આવશે. વસવાટના નુકશાનની સંચિત અસરો, લાંબા સમય સુધી દુષ્કાળની અસરો, આગની ઘટનાઓ, શહેરીકરણ અને રોગને કારણે સમગ્ર દેશમાં કોઆલાની વસતી નાટકીય રીતે ઘટી રહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

PSI-ASI-કોન્સ્ટેબલ
મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક
9,000 થી વધુ પ્રશ્ન–જવાબ
■ અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન–જવાબ
■ 6 મહિનાનું કરંટ અફેર્સ
■ આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો






www.iceonline.in

## ICE ? Questions

- ઈન્ટર ઓપરેબલ ક્રિમીનલ જસ્ટિસ સિસ્ટમ ICJSના અમલ અને રેન્કિંગમાં ગુજરાતના જેલ વિભાગે કેટલામાં ક્રમનો એવોર્ડ મેળવ્યો છે ? – દ્વિતીય
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હેદરાબાદના પટંચેરુ ખાતે કઈ સંસ્થાની સુવર્ણ જયંતિ ઉજવણીનું ઉદ્દઘાટન કર્યુ હતું ? – ICRISAT
- તાજેતરમાં 'સઘન મિશન ઈન્દ્રધનુષ'ના કેટલામાં તબક્કાની શરૂઆત કરી છે ? – ચોથા
- તાજેતરમાં કયા મંત્રાલયે પાવરથોન 2022ની શરૂઆત કરી છે ? – કેન્દ્રીય ઊર્જા મંત્રાલય
- તાજેતરમાં ભારતના કયા વિસ્તારમાં વિશ્વનું સૌથી મોટું ઈગ્લૂ કેફે બન્યું છે ? – જમ્મુ કાશ્મીર
- તાજેતરમાં ચીન અને પાકિસ્તાને CPEC કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ CPECનું પૂરું નામ જણાવો ? – ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર
- સેલ્સફોર્સ ગ્લોબલ ડિજિટલ સ્કીલ્સ ઈન્ડેક્સ 2022માં ભારતે કેટલામું સ્થાન મેળવ્યું છે ? – પ્રથમ
- તાજેતરમાં કયા દેશે કોઆલાને લુપ્તપ્રાય પ્રજાતિ જાહેર કરી છે ? – ઓસ્ટ્રેલિયા

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. તાજેતરમાં સમાચારમાં રહેલ પુનોરા ધામ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – બિહાર
2. પીવાના પાણીનો ટકાઉ સ્ત્રોત બનાવવા માટે કયા ભારતીય રાજ્યએ 'મિશન ભગીરથ' શરૂ કર્યુ છે ? – તેલંગાણા
3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'CAR ટી–સેલ થેરાપી'નો ઉપયોગ કયા રોગની સારવાર માટે થાય છે ? – કેન્સર
4. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'સેન્ટ્રલ મીડિયા એક્રેડિટેશન ગાઈડલાઈન્સ– 2022' શરૂ કરી છે ?
   – માહિતી અને પ્રસારણ મંત્રાલય
5. તાજેતરમાં કયા રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશમાં 'કાંચોઠ ઉત્સવ' (Kanchoth Festival) ઉજવવામાં આવ્યો છે ?
   – જમ્મુ– કાશ્મીર
6. માનવ તસ્કરીને રોકવા માટે તાજેતરમાં કોના દ્વારા ઓપરેશન આહટ શરૂ કરવામાં આવ્યું છે ? – RPF
7. તાજેતરમાં કયા રાજ્યમાં સસ્તન પ્રાણીઓની નવી પ્રજાતિ, 'સફેદ ગાલવાળા મકાક' (White Cheeked Macaque)ની શોધ થઈ છે ? – અરૂણાચલ પ્રદેશ
   (ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)ના વૈજ્ઞાનિકોએ અરૂણાચલ પ્રદેશમાં એક નવી સસ્તન પ્રજાતિ સફેદ ગાલવાળા મકાકની શોધ કરી છે. નોંધનીય છે કે આ મકાક સૌપ્રથમ વર્ષ 2015માં ચીનમાં મળી આવ્યું હતું.)
8. કામેંગ સેક્ટર જ્યાં હિમસ્ખલનમાં સેનાના સાત જવાનો મૃત્યુ પામ્યા હતા. તે કયા રાજ્યમાં આવેલું છે ?
   – અરૂણાચલ પ્રદેશ
9. 'Women in the Boardroom Report' અનુસાર, 2021માં ભારતમાં બોર્ડની બેઠકો પર મહિલાઓનું પ્રતિનિધિત્વ કેટલા ટકા છે ? – 17.1
10. કયા દેશની સેન્ટ્રલ બેંકે 'ફાઈનાન્સિયલ સ્ટાન્ડર્ડાઈઝેશન માટે પંચવર્ષીય યોજના' શરૂ કરી છે ? – ચીન
11. તાજેતરમાં કેટલામી આફ્રિકન યુનિયન સમિટ ઈથિયોપિયાના આદીસ અબાબા ખાતે યોજાઈ હતી ? – 35મી
12. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ 59 MJ સતત ઉર્જા ઉત્પન્ન કરીને ન્યુક્લિયર ફ્યુઝન એનર્જીમાં એક સીમાચિહ્ન હાંસલ કર્યુ છે ? – યુ.કે
13. ટોમટોમ ટ્રાફિક ઈન્ડેક્સ (Tom Tom Trraffic Index) અનુસાર કયા ભારતીય શહેરમાં સૌથી વધુ ટ્રાફિક જામ થાય છે ? – મુંબઈ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**14.** એન્યુઅલ સ્ટેટ્સ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (ASER) કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

– પ્રથમ ફાઉન્ડેશન

(પ્રથમ ફાઉન્ડેશન વિદ્યાર્થીઓના ભણતરના પરિણામોનું વિશ્લેષણ કરવા માટે વાર્ષિક ધોરણે શાળાઓનો વ્યાપક સર્વે કરે છે. તાજેતરમાં તેમણે શિક્ષણનો વાર્ષિક સ્ટેટ્સ રિપોર્ટ (ASER, પશ્ચિમ બંગાળ) બહાર પાડયો છે.)

**15.** ભારત 'યુનિટરી ડિજિટલ આઈડેન્ટિટી ફ્રેમવર્ક' લાગુ કરવા માટે......દેશને અનુદાન આપવા માટે સંમત થયું છે.

– શ્રીલંકા

(યુનિટી ડિજિટલ આઈડેન્ટિટી ફ્રેમવર્ક દેખીતી રીતે આધાર કાર્ડ પર આધારિત છે. શ્રીલંકા સરકાર રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમ તરીકે આ ફ્રેમવર્કના અમલીકરણને પ્રાથમિકતા આપશે.)

**16.** MUSE અને Helio Swarm, જે તાજેતરમાં ચર્ચામાં રહ્યા છે. તે કઈ અવકાશ એજન્સી સાથે સંકળાયેલા છે ?

– નાસા

**17.** કેન્દ્ર સરકારે..............વર્ષ સુધીમાં કૃષિ ક્ષેત્રે ડીઝલને રિન્યુએબલ એનર્જી સાથે બદલવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

– 2024

**18.** તાજેતરમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ કયારે ઉજવવામાં આવી હતી ? – 11 ફેબ્રુઆરી




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT